**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૧૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૫૧ ટકા

# ગીર ફાઉન્ડેશનમાં રાત્રિ શિબિરનો પ્રારંભ



ગાંધીનગરના સુપ્રસિધ્ધ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે શિબિરની મૌસમ ખિલી છે. અહીં પ્રારંભ થયેલી રાત્રિ શિબિરમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પ્રકૃતિ સાથે ઓતપ્રોત થઈને વન્ય જીવસૃષ્ટિ, પક્ષી દર્શન તથા વનસ્પતિ વિજ્ઞાનને સમજવા પ્રયાસ કરી રહ્યા છે. આ સાથે વિદ્યાર્થીઓ કુદરતના ખોળે સમય વિતાવવાનો અણમોલ આનંદ ઉઠાવી રહ્યા છે.

## પેથાપુર ચોકડી પાસેથી એક વોન્ટેડ બુટલેગર પકડાયો



ગાંધીનગર, તા.૨૮

પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ. જી.એનુરકારની સુચનાથી તેમની ટીમના નાસતા ફરતા આરોપીની પકડવા સક્રિય થઈ છે ત્યારે ગઈકાલે તેમની ટીમે એક નાસતા ફરતા બુટલેગરને પેથાપુર ચોકડીથી પકડી પાડયો હતો. કોન્સ્ટેબલ બેચરભાઈને બાતમી મળી હતી કે અડાલજ પોલીસ મથકના પ્રોહીબિશનના કેસમાં પેથાપુર કિર્તિરાજ સોસાયટીના મકાન નંબર-સી-૧૨ માં રહેતો હિતેન્દ્ર ઉર્ફે હિતેશ ગાંડાજી ઠાકોર નામનો શખ્સ હજુ નાસતો ફરે છે અને હાલ પેથાપુર ચોકડી પાસે ઉભો છે. આ બાતમીના આધારે બેચરભાઈ અને તેમની ટીમ બાતમી વાળા સ્થળે પહોંચી ગઈ હતી નાસતા ફરતા આરોપી હિતેન્દ્ર ઉર્ફે હિતેશને દબોચી લીધો હતો. આરોપીની અટકાયત કરીને પેથાપુર પોલીસે અડાલજ પોલીસને આરોપી સોંપવા કવાયત હાથ ધરી છે.

## સિવિલના વીજબીલમાં રૂ.૬ લાખનો ઘટાડો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલના વીજબીલમાં જબરજસ્ત રૂ.૬ લાખનો ઘટાડો નોંધાયો છે. ઉનાળાની સિઝનમાં અધધ રૂ.૩૫ લાખ જેટલું અંદાજીત લાઈટ બિલ આવ્યું હતું. જયારે શિયાળાના પ્રારંભે જ રૂ.૨૯ લાખ વીજબીલ આવતા ધરખમ ફેરફાર થવા પામ્યો છે. સામાન્ય રીતે ઉનાળા કરતા શિયાળાના લાઈટ બીલમાં ૩ થી ૩.૫૦ લાખનો ઘટાડો નોંધાય છે. પરંતુ સિવિલમાં બિન જરુરી ચાલુ રહેતા પંખા, લાઈટ અને એસી ઉપયોગ ના હોય તો બંધ કરવાના તબિબિ અધિક્ષકના આદેશને પગલે લાઈટ બીલમાં રૂ.૨.૫૦ થી ૩ લાખ જેટલો ફાયદો જોવા મળી રહ્યો છે. ત્યારે આગામી સમયમાં શિયાળાને પગલે એસી-પંખા તેમજ પ્લાન્ટ પણ જરૂરીયાત મુજબ કાર્યરત રહેતા લાઈટ બીલમાં આગામી સમયમાં હજુ પણ વધુ ઘટાડો જોવા મળશે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા સિવિલમાં દર્દીઓનો આરોગ્યલક્ષી સેવાઓ વધુ મળે છે. સિવિલ દર્દીઓથી ધમધમતી રહેતી હોવાથી લાઈટ -પંખા ટયુબ લાઈટ સતત ચાલુ જોવા મળતા હતા. વોર્ડ, ઓફીસ કે રૂમમાં કોઈ હોય કે ના હોય છતા પંખા લાઈટ શરુ રહેતા હતા. બિનજરુરી લાઈટનો વપરાશ થતો હોવાથી બિલ પણ ભારેખમ આવતું હતું. સિવિલ કેમ્પસમાં પાંચ માળની ઓપીડી, આઠ માળની નવી ઈમારત, લેબોરેટરી, તાત્કાલીક વિભાગ,મેડીકલ કોલેજ બિલ્ડીંગ, તબિબિ વિદ્યાર્થીઓની હોસ્ટેલ સહિતના વિભાગ કાર્યરત રહેતા લાઈટનું બિલ ઉનાળામાં અંદાજીત રૂ.૩૫ લાખ આવે છે. જયારે શિયાળામાં ઠંડીને પગલે વોર્ડ ઓફીસ સહિતના પંખા-એસી તેમજ ટયુબલાઈટ બંધ રહેતા રૂ.૩ થી ૩.૫૦ લાખનો ફેર પડે છે. પરંતુ તાજેતરમાં સિવિલના તબિબિ અધિક્ષકે બિન ઉપયોગી કેમ્પસ ચાલુ રહેતા પંખા-લાઈટો સહિત એસી બંધ કરવા માટે અધિકારી-કર્મચારીઓને સુચના આપી હતી. જેથી અધિકારી-કર્મચારી સમગ્ર સિવિલ કેમ્પસમાં બિન જરુરી ફરતા પંખા તેમજ ચાલુ રહેલી લાઈટ ત્વરીત બંધ કરતા લાઈટના બીલમાં જંગી ઘટાડો જોવા મળ્યો છે. આ માસના બિલ રૂ.૨૯ લાખ આવ્યું છે, જેથી અઢી લાખથી વધુનો ફાયદો થવા પામ્યો છે. જયારે આગામી બે માસમાં શિયાળાની સિઝન હોવાથી લાઈટ - પંખા અને એસી સહિત કેટલાક પ્લાન્ટમાં પણ જરૂરીયાત મુજબ એસી કાર્યરત રહેતા બિલમાં ધરખમ ફેરફાર જોવા મળશે. ઉલ્લેખનીય છે કે સિવિલ કેમ્પસમાં લાઈટના બિલમાં ઘટાડો કરવા માટે એલઈડી લાઈટ ફીટ કરવાની કામગીરી પુરજોશમાં ચાલુ છે.

## ઝુંડાલ કલ્પતરૂ મિલેનિયમ પાર્કમાં રહેતા આધેડ લાપતા

ગાંધીનગર, તા.૨૮

અડાલજ નજીક આવેલા ઝુંડાલ ગામની સીમમાં સ્થિત કલ્પતરૂ મિલેનિય પાર્ક ખાતે મકાન નંબર-એ-૬૬માં રહેતાં ૨૦ વર્ષિય યુવાન હાર્દિક પ્રવિણભાઈ પરમારે અડાલજ પોલીસ મથકમાં પોતાના પિતાના ગુમ થવા અંગે જાણવા જોગ નોંધાવી છે. મૂળ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના મગરોડા ગામના અને હાલ ઝુંડાલ રહેતાં તેમના પિતા પ્રવિણભાઈ કેશવલાલ પરમાર (ઉ.વ. ૪૯) રીક્ષા ચલાવે છે. એક અઠવાડિયા પહેલાં ૨૨ નવેમ્બરે સવારે સાડા નવ વાગ્યાના અરસામાં પ્રવિણભાઈ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરેથી નીકળી ગયા હતા જે આજદીન સુધી પરત ફર્યા નથી. સગાવહાલા અને મિત્રવર્તુળના ઘરે પણ તપાસ કરવા છતાં તેમનો પતો મળ્યો નથી આખરે આ મામલે દિકરા હાર્દિક પરમારે અડાલજ પોલીસ મથકમાં પિતાના ગુમ થવા અંગે જાણવાજોગ આપતા



એએસઆઈ નિલેશ પ્રજાપતિએ શોધખોળ શરૂ કરીછે. શરીરે મજબૂત બાંધાના રંગે ઘઉવર્ણ પ્રવિણભાઈની ઉંચાઈ આશરે સાડાપાંચ ફૂટની છે અને ગ્રે કલરનો આખી બાયનો શર્ટ તથા ડાર્ક ગ્રે કલરનું પેન્ટ તેમણે પહેર્યું છે. હિન્દી અને ગુજરાતી ભાષા જાણતા પ્રવિણભાઈ તેમના જમણા હાથે તાંબાનું કડુ પહેરે છે. તેમની કયાંયથી સગડ મળે તો અડાલજ પોલીસને જાણ કરવા એએસઆઈ નિલેષ પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.



ગાંધીનગરના સેકટર-૨૧માં શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે યુવા વૈષ્ણવાચાર્ય પૂ. વ્રજરાજકુમારજીની અધ્યક્ષતામાં આજે કારતક વદ-૬ના રોજ અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. અન્નકૂટના દર્શન પહેલા બપોરે ૪.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન પૂ. વ્રજરાજકુમારજી મહોદયના વચનામૃતનો કાર્યક્રમ યોજાયો હતો. જેનો મોટી સંખ્યામાં વૈષ્ણવોએ લાભ લીધો હતો.

## શિહોલી મોટી ગામે ડહોળું પાણી આવતા ગ્રામજનો ત્રસ્ત



**છેલ્લા એક સપ્તાહથી પ્રદૂષિત પાણીની સમસ્યા છતાં ગ્રામ પંચાયત તંત્રની દુર્લક્ષતા : રોગચાળો ફાટે તે પહેલા સમસ્યા ઉકેલવા માંગ**



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના શિહોલી મોટી ગામે છેલ્લા એક સપ્તાહથી પીવાનું પાણી પ્રદૂષિત આવતા ગ્રામજનો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. ડહોળા અને પ્રદૂષિત પાણીને કારણે ગામમાં રોગચાળો ફેલાવાની દહેશત ઉભી થવા પામી છે.

શિહોલી મોટી ગામે સાદરા રોડ પરના વિસ્તારના મકાનોમાં પ્રદૂષિત પાણી છેલ્લા એક સપ્તાહ જેટલા સમયથી આવી રહ્યાની ફરિયાદો ઉઠવા પામી છે. આ બાબતે ત્રસ્ત ગ્રામજનો દ્વારા ગામના સરપંચને પણ ધ્યાન દોરવામાં આવ્યું છે. આમ છતાં અગમ્ય કારણોસર આ જાહેર આરોગ્યને અસર પડે તેવી ગંભીર બાબતો હોવા છતાં આંખ આડા કાન કરાઈ રહ્યા હોવાનું ગ્રામજનોને પ્રતિત થઈ રહ્યું છે. પ્રદૂષિત પાણીના કારણે ગ્રામજનોને પીવા માટે તથા રાંધવા માટે શુધ્ધ પાણી મેળવવા વિવિધ પ્રકારની જહેમત ઉઠાવવી પડી રહી છે. આ મામલે ગ્રામ પંચાયત તરફથી ગ્રામજનોને સંતોષકારક જવાબ પણ પ્રાપ્ત ના થઈ રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. જેને કારણે આ મુશ્કેલીનો ઉકેલ કયારે આણવામાં આવશે તે પણ અનિશ્ચિત જણાય છે.

પ્રદૂષિત પાણીના કારણે બાળકો સહિત ગ્રામજનોના આરોગ્ય પર અસર થાય તેવી ભીતિ પણ સેવાઈ રહી છે. જેથી સત્વરે આ સમસ્યાનું નિરાકરણ આવે તેવી ગ્રામજનોમાં માંગ પ્રવર્તી રહી છે.



દશકોશી લેઉવા પાટીદાર સમાજ ગાંધીનગરનો સ્નેહ મિલન સમારોહ, ઈનામ વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સમાજની વિવિધ ક્ષેત્ર માં આગવી પ્રતિભા ધરાવતા અતુલભાઈ અમીન, સમીરભાઈ અમીન અને ભાવિન પટેલનું શાલ ઓઢાડી, પુષ્પગુચ્છ અને મોમેન્ટો યાદગીરી સ્વરૂપે આપી સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના આગેવાન મનોજભાઈ વલ્લભભાઈ પટેલે (મહીજ વાળા) આવતા વર્ષના કાર્યક્રમનો ભોજનનો સંપૂર્ણ ખર્ચ ઉપાડી લીધો હતો તેમજ ઘણા બધા આગેવાનો દ્વારા બાળકોના ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે મોટી સંખ્યામાં દાન લખાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



ગુજરાતના લોકાયુકત ન્યાયમૂર્તિ (નિવૃત્ત) શ્રી ડી.પી. બુચે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની સૌજન્ય મુલાકાત લીધી હતી.

## હોન્ડા કંપનીના ટાયરની બોગસ ટ્યુબ બનાવતી ફેક્ટરી પકડાઈ

**સીઆઇડી ક્રાઇમની ટીમે કલોલ તાલુકાના છત્રાલ વિસ્તારમાં દરોડો પાડી બોગસ ફેક્ટરી પકડીઃ રૂ.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત : બે શખ્સોની ધરપકડ**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા છત્રાલ વિસ્તારમાં આવેલી પરફેક્ટ પોલીમર ઈન્ડસ્ટ્રીઝમાં ગઈકાલે મોડી સાંજે હોન્ડા કંપનીના અધિકારીને સાથે રાખીને સીઆઈડી ક્રાઈમની ટીમે દરોડો પાડયો હતો. પરફેક્ટ પોલીમર ઈન્ડસ્ટ્રીઝના નામે ચાલતી આ ફેકટરીમાં હોન્ડા કંપનીના ટાયરની બોગસ ટ્યુબ બનાવવામાં આવતી હતી અને તેનો વેપાર કરવામાં આવતો હતો. સીઆઈડી ક્રાઈમે કલોલ તાલુકા છત્રાલ વિસ્તારમાં દરોડો પાડીને બોગસ ફેકટરી માંથી રૂપિયા ૨૭ લાખનો માલ જપ્ત કર્યો છે અને ફેકટરીમાંથી બે શખ્સોની ધરપકડ પણ કરી લીધી છે.

હોન્ડા કંપનીના અધિકારી મારફતે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમની ટીમ ને ફરિયાદ મળી હતી કે કલોલ તાલુકાના છત્રાલ ખાતે અંબાપુર ગામની નજીક આવેલી ડી.કે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પરફેક્ટ પોલિમર ઈન્ડસ્ટ્રીઝમાં ઈન્ડસ્ટ્રીઝમાં હોન્ડા કંપનીના ટ્રેડ માર્ક વાળો લોગો છાપીને કેટલાક શખ્સો વગર લાયસન્સે હોલસેલમાં આ લોગો સાથેની ટ્યુબ નો વેપલો કરે છે. જેને આધારે સીઆઈડી ક્રાઈમની ટીમે હોન્ડા કંપનીના અધિકારીઓને સાથે રાખીને ગઈ મોડી સાંજે આ ફેક્ટરીમાં દરોડો પાડ્યો હતો. ફેક્ટરીમાંથી હોન્ડા કંપની નો લોગો મારેલી ટ્યુબનો મોટો જથ્થો મળી આવ્યો હતો. સીઆઈડી ક્રાઈમની ટીમે રૂ.૨૭,૧૭,૬૦૦ની કિંમતનો જથ્થો ફેક્ટરીમાંથી જપ્ત કર્યો હતો. ફેક્ટરીમાંથી ન્યુ રાણીપના નિશાન રેસિડન્સીમાં રહેતા પટેલ હર્ષદ હરજીવનભાઈ અને છત્રાલ માનસરોવર ટાઉનશીપમાં રહેતા આશિષ રાધેશ્યામ રાજપુત નામના બંને શખ્સોને પકડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ફેક્ટરીમાંથી કોપીરાઈટ અને ટ્રેડમાર્ક એક્ટનો ભંગ કરી ગ્રાહકો સાથે છેતરપિંડી કરતા બંને શખ્સોને દબોચી લઈ તેમની સામે કોપીરાઈટ ટ્રેડમાર્ક એક્ટની કાયદાની કલમ તથા છેતરપિંડીનો ગુનો દાખલ કરી સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.